# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૩ તા. ૫-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ચાઈલ્ડ લાઈન નોડલ ઓર્ગેનાઈઝેશનનો તા.૧૭-૧૨-૧૫નો પત્ર.

સંદર્ભ :- જા.નં.એસ.એસ.એ./એસટીપી/૧૫૧૩૦૨૮ તા.૩૧-૧૨-૧૫નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રોઓને જણાવવાનું કે ચાઈલ્ડ લાઈન ઘણાં વર્ષથી બાળકોની સુરક્ષા સંભાળ અને અધિકાર મુદ્દે અમદાવાદમાં કામ કરે છે. જેથી ચાઈલ્ડ લાઈન તેની હેલ્પ લાઈન ૧૦૯૮ વિશે શાળાના માધ્યમથી બાળકો અને વાલીઓની જણાવી શકે તેમજ બાળકોની કોઈપણ સમસ્યા મુદ્દે અમદાવાદમાં કામ કરે છે તેથી હેલ્પલાઈન ૧૦૯૮ વિશે શાળાના માધ્યમથી બાળકો અને વાલીઓને જાણકારી પ્રાપ્ત થઈ શકે અને બાળકોની કોઈપણ પ્રકારની સમસ્યા મુદ્દે સંપર્ક કરી શકે તે માટે આપની શાળા આ અંગે કાર્યક્રમ કરવા પરવાનગી / સહકાર આપવો ચાઈલ્ડ લાઈનને નીચે મુજબના મુદ્દા પર આપને પરવાનગી આપવા જણાવવામાં આવે છે.

૧. ચાઈલ્ડ લાઈન અમદાવાદની શાળાઓમાં ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ અને ચાઈલ્ડ લાઈન કામગીરી વિશે શિક્ષકો અને શાળાના બાળકો સાથે જાગૃતિના કાર્યક્રમ કરી શકે તેની પરવાનગી આપવી.
૨. ચાઈલ્ડ લાઈનની માહિતી દર્શાવતા પોસ્ટર વિના ખર્ચે શાળામાં લગાવવામાં આવે તેની પરવાનગી આપવી.
૩. બાળકોના થતાં જાતિય શોષણના મુદ્દે બાળકોમાં જાગૃતિ વધે તે માટે પણ શાળાના બાળકો અને ડોકયુમેન્ટરી ફિલ્મ વિના ખર્ચે બતાવી ચર્ચા કરી શકાય તેની પરવાનગી આપવી.

આમ ઉક્ત મુદ્દાઓ માટે ચાઈલ્ડ લાઈન હેલ્પલાઈન અંગેની વિશેષ માહિતી અંગે આપશ્રીએ ચાઈલ્ડ લાઈન નોડલ ઓર્ગેનાઈઝેશન સમાજકાર્ય વિભાગ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદનો સંપર્ક કરવો અને આનુસાંગિક કાર્યક્રમોમાં સહકાર આપવો.

તા. ૫-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૪૪ તા. ૫-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં પશ્ચિમ વિસ્તારમાં અક્ષયપાત્ર સંસ્થા તથા પૂર્વ વિસ્તારમાં સ્ત્રીશક્તિ સંસ્થા દ્વારા મધ્યાહન ભોજન પૂરૂ પાડવામાં આવે છે.

ઉપરોકત બંને સંસ્થાના પ્રતિનિધિઓ સાથે થયેલ મીટીંગમાં બંને સંસ્થા તરફથી મ્યુનિ. શાળાઓમાં એક સમાન ભોજન મળી રહે તે માટે નીચે મુજબનું મેનું નક્કી કરવામાં આવેલ છે. જે અંગે શાળામાં જાણ કરશો તથા શાળાના નોટિસ બોર્ડ કે મધ્યાહન ભોજનનું મેનું દર્શાવેલ છે ત્યાં પણ જરૂરી સુધારા કરશો.

| ક્રમ | વાર | મેનું |
|---|---|---|
| ૧ | સોમવાર | રાઈસ-થેપલા-દાળ |
| ૨ | મંગળવાર | રાઈસ-રોટી-સબ્જી |
| ૩ | બુધવાર | રાઈસ-દાળઢોકળી |
| ૪ | ગુરૂવાર | રાઈસ-દાળ-સુખડી |
| ૫ | શુક્રવાર | રાઈસ/ખીચડી- રોટી-સબ્જી |
| ૬ | શનિવાર | રાઈસ/પુલાવ -થેપલા-દાળ |

તા. ૫-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૪૫ તા. ૫-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-વર્ષ ૨૦૧૫-૧૬ માટે ફક્ત હિન્દી શાળામાં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની દરખાસ્ત તૈયાર કરી મોકલી આપવા બાબત.**

**સંદર્ભ :-નં.ના.નિ./અજાક/૨૦૧૫-૧૬/૫૮૪/તા.૧૬-૧-૧૬નો પત્ર.**

આથી ફકત હિન્દી શાળાના મુખ્ય શિક્ષકશ્રોઓને જણાવવાનું કે આપની શાળામાં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની દરખાસ્ત ચાર નકલમાં તૈયાર કરી ત્રણ નકલ સ્કોલરશીપ વિભાગમાં તા.૧૦-૨-૧૬ના રોજ જમા કરાવશો તથા એક નકલ શાળા દફતરે રાખશો. જણાવેલ તારીખ બાદ કોઈપણ સંજોગોમાં દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહી તેમજ ચાલુ સાલથી વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક ધ્યાનમાં લેવાની નથી તે રીતે દરખાસ્ત તૈયાર કરશો.

વધુમાં દરખાસ્ત તૈયાર કરવા માટે પરિપત્ર નં.૫૯ તા.૧૧-૮-૧૫ તેમજ જાતિની પુસ્તિકાને ધ્યાને લઈ નીચે જણાવેલ પત્રક નંબરની દરખાસ્ત તૈયાર કરી જણાવેલ તારીખે સ્કોલરશીપ વિભાગમાં જમા કરાવશો.

૧. પત્રક-૧ અનુ.જાતિ શિ.વૃ. ધો.૧ થી ૮

૨. પત્રક-૪ અનુ. જાતિ ગણવેશ સહાય ધો.૧ થી ૮

૩. પત્રક-૭ અનુ. જાતિ પૈકી અતિપછાત શિ.વૃ. ધો.૧ થી ૮

તા.૫-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૪૬ તા. ૫-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-નામદાર ગુજ.હાઈકોર્ટમાં દાખલ થયેલ પી.આઈ.એલ.૨/૨૦૧૬(બાળકોને સ્કૂલે લાવવા અને ઘરે પરત લઈ જવા માટેની પરિવહન સુવિધા બાબત)**

**સંદર્ભ :-સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર એસએસએ.અને કમિ.શ્રી પ્રા.શિ.ક્રમાંક એસએસએ/ એએસ/૨૦૧૬/ ૩૩૭૪-૩૪૧૩ તા.૩-૨-૧૬નો પત્ર**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી એસ.એસ.એ. અને કમિશનરશ્રી પ્રાથમિક શિક્ષણનો ક્રમાંક એસએસએ./એએસ/૩૩૭૪-૩૪૧૩ તા.૩-૨-૧૬ સામેલ છે, જે અનુસાર ચૂસ્તપણે કાર્યવાહી સાથે અમલ કરવા જણાવવામાં આવે છે.

તા.૫-૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી**
**ગુજરાત કાઉન્સીલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન**
**સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર**
ફોન : 079-23243133
ફેકસ : 079-23232436
હેલ્પલાઈન નં. : 1800-233-7965
ઈમેઈલ : dpepgujarat@yahoo.com
વેબસાઈટ : www.ssamgujarat.org

**મુકેશ કુમાર** IAS
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર,એસએસએ,અને**
**કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ**

ક્રમાંકઃએસએસએ/એએસ/૨૦૧૬/ 3394-3429 તા. 3/૨/૨૦૧૬

તાત્કાલિક/સમયમર્યાદા/હાઇકોર્ટ મેટર

પ્રતિ
જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી
એસ.એસ.એ, જિલ્લા પંચાયત, જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, મહાનગરપાલિકા : અમદાવાદ વડોદરા રાજકોટ સુરત

વિષય: નામદાર ગુજરાત હાઇકોર્ટ માં દાખલ થયેલ પી.આઇ.એલ-૨/૨૦૧૬(બાળકોને સ્કુલે લાવવા અને ઘરે પરત લઇ જવા માટે ની પરિવહન સુવિધા બાબત )

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના તા.૧/૨/૨૦૧૬ના પત્ર ક્રમાંક પીઆરઇ/૧૨૧૬/સીસી-૯૨/ક
(૨) તા.૧૯/૭/૨૦૧૪ના પત્રક્રમાંક એસ.એસ.એ/એએસ/૨૦૧૪/૨૩૭૯૬-૮૨૫
(૩)વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી ગુજરાત રાજ્ય પરિપત્ર ક્રમાંક ૧૨૩૯ તા. ૩/૩/૨૦૦૬
(૪)વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી ગુજરાત રાજ્ય પરિપત્ર ક્રમાંક ૩૩૩૧ તા.૨૦/૬/૨૦૦૬

ઉપરોક્ત સંદર્ભિત પત્ર (૧) અન્વયે જણાવવાનું કે બાળકોને સ્કુલે લાવવા અને ઘરે પરત લઇ જવા માટે સ્કુલ રિક્ષા અને વાન તેમજ અન્ય વાહનોનો ઉપયોગ થાય છે જેમા બાળકોને ઘેટા બકરાની જેમ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે તે બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પી.આઇ.એલ ૨/૨૦૧૬ દાખલ થયેલ છે.
જે અન્વયે નામદાર કોર્ટે નિયમોનું ચુસ્તપાલન થાય, તે અંગે પુરતી કાળજી લેવાય, સક્ષમ અને અસરકારક તંત્ર ઉભુ થાય તે માટે નીચેની સુચનાઓ આપના તરફ થી સબંધિત તમામને અપાય જાય તે જોવા વિનંતી છે.
(૨) તા.૨/૨/૨૦૧૬ થી ૬/૨/૨૦૧૬ સુધી વાહન વ્યવહાર ખાતા દ્વારા સ્પેશિયલ ડ્રાઇવ ચલાવવામાં આવનાર છે જેમાં વાહન ચાલકોમાં જાગ્રુતિ આવે, નિયત મર્યાદા કરતાં વધારે બાળકોને ભરવામાં ન આવે બાળકોની સલામતીને અને સગવડ્ને જ અગ્રીમતા આપવામાં આવે તે માટે ઓટોરીક્ષા તથા મારુતિ વાન શાળાએ બાળકોને ઉતારે તે પછે કેપેસીટી કરતી વધારે બાળકો લાવવામાં આવતા હશે તો વાહન વ્યવહાર વિભાગના કર્મચારી અધિકારી વાહન ચાલકો સામે પગલાં લેશે

(૩)આ ડ્રાઇવમાં શિક્ષણ સાથે સંકળાયેલ શાળા સંચાલકો, પ્રિન્સીપાલ, શિક્ષકો તથા શિક્ષણ નિરીક્ષકો, કેળવણી નિરીક્ષકો કે ડી.ઈ.ઓ, ડી.પી.ઇ.ઓ અને શાસનાધિકારીના જવાબદાર અધિકારી - કર્મચારી પણ ટીમ તરીકે જોડાય અને દરેક શાળા પર વાહન વ્યવહાર વિભાગના અધિકારી -કર્મચારીને સાથ સહકાર આપી શાળાઓ પણ બાળકોની સલામતી માટે જાગ્રુત થાય તે માટે શાળાઓ પર અચુક જાય તે માટે જરુરી સુચનાઓ આપની કક્ષાઓથી આપવા વિનંતી.

(૪) વાલી મંડળો સાથે વાહન વ્યવહારના અધિકારીઓના પરામર્શમાં જાગ્રુતિ અભિયાન ચલાવવામાં આવે અને તેમાં એન.જી.ઓ જાગ્રુત મડંળો વેગેરેને સામેલ કરવામાં આવે.

(૫) વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓ દ્વારા બાળકોની સલામતી માટે જે કોઇ પગલાં ભરવામાં આવે તેના સમર્થન મા ડી.પી.ઇ.ઓ કે ડી.ઇ.ઓ કે શાસનાધિકારી પણ અચુક જોડાય અને સમાજ તથા વાલીઓને બાળકોની સલામતીને અને વાહન વ્યવહારના નિયમોનું અનુપાલન થાય તે માટે જાગ્રુત કરવા આપીલ કરે.

(૬) એસ.પી.ડી, એસ.એસ.એ અને કમિશ્નરશ્રી, પ્રાથમિક શિક્ષણની સુચનાઓનું દરેક શાળામાં પાલન થયેલ છે કે કેમ? તેની તપાસ હાથ ધરવામાં અને શાળા સંચાલકો, પ્રિન્સીપાલો તથા શિક્ષકોને એટ્લે કે સબંધિતોનુ ચેકિંગ કરી તેઓને બાળકોની સલામતી અને સગવડતા માટે જરુર જણાયે સુચનાઓ આપી ફરજ પાડવામાં આવે.

(૭) વર્ષ માં બે વાર ગમે ત્યારે સ્કુલ રીક્ષા અને સ્કુલ વાનનું આર.ટી.ઓ ના નિયમોનુસાર પાલન થાય છે કે કેમ એ બાબતે રેંડમ ચેકિંગ કરવામાં આવશે તેથી દરેક શાળાઓને પણ સ્કુલ રીક્ષા અને સ્કુલ વાન સંદર્ભે વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ સુચનાઓ કે જેમાં બાળકોની સીટીગ કેપેસીટીનું પાલન થાય છે કે કેમ, ડ્રાયવરનું લાયસંસ ચેકિંગ તેની બાહેંધરી, તેની વિગતો, વગેરે અચુક મેળવવામાં આવે .

વધુમાં શાળાઓ દ્વારા પણ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહે છે .

(૧) દરેક શાળા સચાંલક મંડ્ળ કે પ્રિન્સીપાલ તેઓની શાળામાં આવતા બાળકોને શાળાએ લાવવા અને ઘરે લઇ જવા માટે ઉપયોગમાં લેવાતી ઓટોરીક્ષા અને મારુતિ વાન માટે ફિટ્નેસ સર્ટિફિકેટ અને પરમીટ છે કે કેમ ? તેની ખાતરી કરી તેની નકલ રાખે અને તેને સમયાંતરે વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વાર અપડેટ કરવામાં આવે.

(૨) ઓટોરીક્ષા અને મારુતિવાનમાં જે બાળકો આવે છે તેઓના વાલીઓને શાળામાં બોલાવી બાળકોની સલામતી અને સગવડા સચવાય તે માટે રિક્ષા અને વાનના વાહન ચાલકોની માહીતીથી વાલીઓ પણ પરીચીત રહે તે માટે એક અઠવાડિયા દરમિયાન વાલી મીટીંગ બોલાવી જાગ્રુતિ લાવવામાં આવે.

(૩) ઓટોરીક્ષાની કેપેસીટી ત્રણ બેઠક અને એક રિક્ષા ચાલકની હોવાથી રિક્ષા ચાલકની બાજુમાં કોઇ પણ સંજોગોમાં બાળકોને બેસાડવામાં ન આવે તેની કાળજી લેવામા આવે. ત્રણની બેઠક ઓટોરીક્ષામાં અલાઉ હોવાથી ૧૨ વર્ષથી ઓછી ઉમરના ૬ બાળકો સુધી બેઠક મુજબ બાળકોને લઇ જવા અને લાવવામાં આવે તે માટે ચુસ્તપાલન કરવામાં આવે.

(૪) મારુતિ વાનમાં ૬ વત્તા ૧ ડ્રાયવરની ક્ષમતાવાળી વાન હોવાથી ૬ ની બેઠક વ્યવસ્થા સામે ૧૨ વર્ષ થી નીચેના હોય તેવા બાળકોના સંજોગોમાં ૧૨ વર્ષ સુધીના ૧૨ બાળકોને બેસવાની પુરતી સુવિધાવાળી વાનનો જ ઉપયોગ થાય તે જોવામાં આવે.

(૫) સ્કુલના બાળકોને ભાડેથી લઇ જતાં દરેક વાહનની આગળ અને પાછ્ળ સ્કુલ રિક્ષા અને સ્કુલ વાન એમ સ્પષ્ટ અને મોટા અક્ષરે લખાયેલ હોવું જોઇએ.

વાહનની દરેક બાજુએ પીળા બેક ગ્રાઉંડ ઉપર લાલ રંગમાં સ્કુલ વાન લખેલું હોવું જોઇશે

(૬) જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તો તેના પર સ્કુલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવું જોઇશે.

(૭)દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત પણે હોવી જોઇએ. શાળાએ સમયાંતરે આ બાબતે ખાતરી કરવાની રહેશે.

(૮)દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજીયાત રખાય તેની સૂચનાનું પાલન થયેલ છે કે કેમ તેની ખાતરી શાળાએ પણ કરવાની રહેશે.

(૯) આવા વાહન ઉપર તેના માલિકનું નામ અને ટેલીફોન કે મોબાઇલ નંબર અવશ્ય લખેલા હોવા જોઇશે.

(૧૦) સ્કુલ વાહન બારણા સારી ગુણવત્તાવાળા તાળાઓની બંધ થાય તેવા એટલે કે બાળકોની સલામતીને અનુરૂપ અચૂક હોવા જોઇશે.

(૧૧) દરેક ઓટોરીક્ષા કે વાનમાં સ્કુલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઇએ.

(૧૨) સીટ કુશન સાદી સપાટીવાળુ હોવું જોઇએ, વાંકીચુકી સપાટીવાળું હોવું જોઇએ નહીં.

(૧૩)વાનમાં ઉતારુ કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઇનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઇએ કે જેથી જાળીમાંથી બાળકોના શરીરનો કોઇ ભાગ બહાર આવી શકે નહીં.

(૧૪) વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલું હોવું જોઇએ અને તે ચાલુ હાલતમાં હોવું જોઇએ.

(૧૫) આવું વાહન ૨૦ કી.મી. કરતાં વધુ ઝડપથી ચલાવી શકાશે નહીં.

(૧૬) વાહનમાં બાળકોના દફતર વાહનની કોઇપણ સાઇડે બહાર લટકાવી શકાશે નહીં.

(૧૭) ડ્રાઇવરની સીટ ઉપર કોઇપણ બાળકને બેસાડી શકાશે નહીં.

ઉપરોકત સુચનાઓ અને નિયમોનું ચુસ્તપાલન થાય તે માટે આપની કક્ષાએથી સબંધિત તમામને સુચનાઓ પાઠવવા અને આ અંગે લેવામાં આવેલ પગલાંની જાણ દિન - 2 માં કરવા જણાવવામાં આવે છે.

(મુકેશ કુમાર)

બિડાણ :સંદર્ભ દર્શિત પત્ર - ૧, ૨,૩, ૪

નકલ સવિનય રવાના જાણ સારું:

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં ૨, નવા સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં ૫, સાતમો માળ નવા સચિવાલય, ગાંધીનગર

૩. અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,બ્લોક નં ૨/૮ મો માળ, નવા સચિવાલય,ગાંધીનગર

૪. વાહન વ્યવહાર કમિશ્નરશ્રી,વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,બ્લોક નં ૬, ૨ જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર